પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૫) અંક નં. ૮ | ૧૯ માર્ચ, ૨૦૨૦, ગુરૂવાર; ફાગણ વદ - ૧૧ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# વિશ્વભરમાં કોરોનાનો આતંક યથાવત

**વિશ્વમાં મૃત્યુઆંક ૮,૦૦૦ને પાર : અમેરિકામાં વાયરસથી ૧૦૦થી વધુના મોત : બેરોજદારી દર વધવાની શક્યતા : ૧૬૫ દેશોમાં ઇન્ફેક્શનના ૧.૯૮ લાખ કેસ : ઇટાલીમાં ૧ દિવસમાં ૩૬૮ના મોત : ઇઝરાયલમાં સેના કમાન સંભાળશે : પાકિસ્તાનમાં કુલ ૨૩૭ કેસ, અત્યાર સુધી બે લોકોના મોત**


અમેરિકા

વૉશિંગ્ટન,તા.૧૮

દુનિયામાં કોરોના વાઈરસથી ઈન્ફેક્ટેડ લોકોની સંખ્યા બુધવાર સવાર સુધી ૧,૯૮,૨૪૧ થઈ ગઈ છે. ૧૬૫ દેશ કોરોના વાઈરસથી પ્રભાવિત છે. મૃત્યુ પામનાર લોકોની સંખ્યા ૮,૦૦૦ થઈ ગઈ છે. ૮૧,૭૪૩ લોકોને ઈન્ફેક્શન થયા પછી તેઓ સાજા થઈ ગયા છે. હવાઈ ટાપુએ પર્યટકોને હાલ ન આવવાની ભલામણ કરી છે. ઈઝરાયલ સેનાને સ્થિતિ સંભાળવાની જવાબદારી સોંપવામાં આવી છે. અહીં બુધવાર સુધી ૧૯૫૦ કેસ સામે આવ્યા છે અને ૭૧ લોકોના મોત થયા છે.

લોસ એન્જિલસની હોસ્પિટલોમાં બ્લડની અછત સર્જાવા લાગી છે. કોરોનાના કારણે બ્લેડ ડોનેશનમાં પણ ઘટાડો આવ્યો છે. ઈઝરાયલમાં ઈન્ફેકશન રોકવા માટે શક્ય તેટલા પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે પરંતુ સૈન્ય ભરતી પ્રક્રિયા સ્થગીત કરવામાં આવી નથી.

અમેરિકાના દરેક ૫૦ રાજયો કોરોના વાઈરસની ઝપટમાં આવી ગયા છે. બુધવારે અમેરિકામાં કોરોનાના કારણે મોતનો આંકડો ૧૦૫ થઈ ગયો છે. વોશિંગ્ટનમાં કોરોનાના કારણે ૫૦ લોકોના મોત થયા છે.

● અનુસંધાન પાન-૭ પર

## ભાજપ સાંસદ સુરેશ પ્રભુને આઈસોલેટ કરાયા

ન્યુ દિલ્હી,તા.૧૮

કોરોના વાયરસથી સમાન્ય જનતા બાદ હવે મોદી સરકારના મંત્રીઓ પણ ફફડી ઉઠ્યાં છે. મોદી સરકારમાં મંત્રી રહી ચૂકેલા અને ભાજપના સાંસદ સુરેશ પ્રભુએ પોતાની જાતને આઈસોલેટ કરી છે. આ અગાઉ કેન્દ્રીય સંસદીય રાજ્યમંત્રી વી. મુરલીધરને પણ પોતાને હોમ ક્વોરન્ટાઈન કરવાનો નિર્ણય લીધો હતો.

## ઇટાલીમાં કોરોના વાયરસ વધુ ખતરનાક

યુરોપના ઈટાલીમાં હવે કોરોના વાયરસે કાળો કેર વર્તાવ્યો છે. અહીં હાલમાં વિશ્વમાં સૌથી વધારે ઝડપથી કોરોના વાયરસ ફેલાઈ ગયો છે. નવા કેસોની સંખ્યા રેકોર્ડ ગતિથી વધી રહી છે. સાથે સાથે છેલ્લા ૨૪ કલાકમાં મોટી સંખ્યામાં લોકોના મોત પણ થયા છે. જે દર્શાવે છે કે ઈટાલીમાં હાલત ખરાબ છે. સ્થિતીમાં સુધારો થતા હજુ ખુબ સમય લાગી શકે છે. એકલા ઈટાલીમાં છેલ્લા ૨૪ કલાકમાં ચિંતાજનક રીતે કેસો વધ્યા બાદ આંકડો વધીને ૩૧૫૦૬ સુધી પહોંચી ગયો છે. જ્યારે મોતનો આંકડો વધીને ૨૫૦૩ સુધી પહોંચી ગયો છે.

## ચીનમાંથી અંતે કોરોનાની વિદાય શરૂ

દુનિયાના ૧૬૬થી વધુ દેશોમાં જીવલેણ કોરોના વાયરસ કાળો કેર વર્તાવી રહ્યો છે ત્યારે મોટી રાહતના સમાચાર આવ્યા છે. કારણ કે જ્યાંથી કોરોના વાયરસની શરૂઆત થઈ હતી તે ચીનના વુહાન શહેરમાં કોરોના વાયરસે હવે વિદાય લઈ લીધી છે. સતત બીજા દિવસે એક કેસ સપાટી પર આવ્યો હતો. ચીન સરકારના કઠોર પગલા તથા તકેદારીના લીધે સ્થિતિમાં સુધારો થયો છે.

## યુએન સુરક્ષા પરિષદની દરેક બેઠક રદ

સંયુક્ત રાષ્ટ્રએ આ સપ્તાહમાં પ્રસ્તાવિત સુરક્ષા પરિષદની દરેક બેઠકો રદ કરી દીધી છે. સુરક્ષા પરિષદની અધ્યક્ષતા હાલ ચીન પાસે છે. ચીન કોરોના વાઈરસથી સૌથી વધુ પ્રભાવિત છે. જોકે યુએનએ એક નિવેદનમાં એવું કહ્યું છે કે, રાજનાયિકો અને મીડિયા માટે વિશ્વ સંસ્થા ખુલ્લી રહેશે.

## વિદેશમાં ૨૭૬ ભારતીયો કોરોનાથી અસરગ્રસ્ત

કોરોના વાયરસનો આતંક દુનિયાભરમાં જોવા મળી રહ્યો છે. ઈરાનમાં જીવલેણ વાયરસે ખતરનાક સ્વરૂપ ધારણ કરતા હાહાકાર મચી ગયો છે. ઈરાનમાં કોરોનાના પરિણામ સ્વરૂપે મોતનો આંકડો ૧૧૩૫ સુધી પહોંચી ચુક્યો છે. વિદેશમાં રહેતા ભારતીયોની વાત કરવામાં આવે તો કોરોનાના સૌથી વધારે મામલા ઈરાનમાં નોંધાયા છે. વિદેશ મંત્રાલય દ્વારા આજે લોકસભામાં જણાવવામાં આવ્યું હતું કે, વિદેશના ૨૭૬ ભારતીયો કોરોના વાયરસથી અસરગ્રસ્ત થઈ ચુક્યા છે. આમા સૌથી વધારે ૨૫૫ ભારતીય ઈરાનમાં સકંજામાં આવ્યા છે. દેશ કરતા વિદેશમાં રહેલા ભારતીયો કોરોનાના સકંજામાં વધારે આવ્યા છે.


# વૈષ્ણોદેવી યાત્રાને સ્થગિત કરવા નિર્ણય

**નવરાત્રી ઉત્સવ નજીક હોવાથી લાખો શ્રદ્ધાળુઓમાં નિરાશા : ત્રણ લાખથી વધુ શ્રદ્ધાળુઓ પહોંચવાની શક્યતા હતી : અન્ય રાજ્યોથી આવનારી બસ ઉપર પણ પ્રતિબંધ**

નવી દિલ્હી, તા. ૧૮

દેશભરમાં કોરોના વાયરસની દહેશતને લીધે ધાર્મિક સ્થળોને સાવચેતી રૂપે બંધ કરવામાં આવી રહ્યા છે. કોરોનાની દહેશતને ધ્યાનમાં લઈને જમ્મુ કાશ્મીર સરકારે રાજ્યના મુખ્ય ધાર્મિક સ્થળ માતા વૈષ્ણો દેવી મંદિરની યાત્રાને સ્થગિત કરવાનો નિર્ણય કર્યો છે. જમ્મુ કાશ્મીર સરકાર તરફથી આજે આ અંગેનો આદેશ જારી કરવામાં આવ્યો હતો. આ નિર્ણય એવા સમયે કરવામાં આવ્યો છે જ્યારે ૨૫મી માર્ચથી દેશભરના હજારો શ્રદ્ધાળુઓ માતા વૈષ્ણો દેવીની યાત્રા કરવાની તૈયારી કરી રહ્યા છે. મળેલી માહિતી મુજબ નવરાત્રીના સમયે વૈષ્ણો દેવી મંદિરમાં દર્શન કરવા માટે ૩ લાખથી વધુ

● અનુસંધાન પાન-૭ પર


પ્રતિકાત્મક તસવીર

# ભારત માટે કોરોના મોટો પડકાર આર્મી જવાન વાયરસની ઝપટમાં

**દેશમાં વાયરસના કુલ ૧૫૩ કેસ નોંધાયા, બંગાળમાં પ્રથમ કેસ પોઝિટિવ દિલ્હી-એનસીઆર અને ભુવનેશ્વરમાં લેબોરેટરી શરૂ કરવામાં આવશે એક પ્રયોગશાળામાં દરરોજ ૧૪૦૦ સેમ્પલની તપાસ કરવામાં આવશે**

ન્યુ દિલ્હી,તા.૧૮

સમગ્ર વિશ્વમાં હાહાકાર મચાવનાર જીવલેણ રોગ કોરોના વાયરસ ભારત માટે હવે એક પડકાર બની ગયો હોય તેમ તેની ચપેટમાં આવનારાઓની સંખ્યા વધીને ૧૫૩ પર પહોંચી ગઈ છે. કુલ ૩ના મૃત્યુ સાથે ભયજનક રીતે લેહ-લદાખમાં ભારતીય લશ્કરનો એક જવાન કોરોનાગ્રસ્ત હોવાનું બહાર આવતાં ફફડાટ વ્યાપી ગયો છે. અને આ જવાનના સંપર્કમાં કોણ કોણ આવ્યાં તેની તપાસ આર્મીના મેડિકલ વિભાગ દ્વારા હાથ ધરવામાં આવી છે. ભારત આ રોગના બીજા સ્ટેજમાં છે અને જો તેમાંથી હેમખેમ બહાર નિકળી જશે તો ઈટાલી કે ચીન જેવી ભયંકર સ્થિતિનો સામનો નહીં કરવો પડે. ભારત સરકાર અને રાજ્યો આ મહામારીને રોકવા યુધ્ધના ધોરણે સંભવિત તમામ સાર્વત્રિક પગલાં લઈ રહી છે. આ રોગના ફેલાવાને રોકવા માટે લોકોને એક સ્થળે એકઠા નહીં થવા માટેના તમામ પગલાં લેવામાં આવી રહ્યાં છે.


પ્રતિકાત્મક તસવીર

● અનુસંધાન પાન-૭ પર

## ઈરાનથી વધુ ૨૦૫ ભારતીયો દિલ્હી પહોંચ્યા

કોરોનાથી ઈરાનમાં ૯૮૮ લોકો અત્યાર સુધી મોતને ભેટ્યા છે, અહીથી ભારત સરકાર વધુ ૨૦૫ ભારતીયોને પરત લાવી છે. જેમાં ૧૧૫ પુરુષ, ૮૫ મહિલા, પાંચ બાળકો છે. અત્યાર સુધીમાં ઈરાનથી ૫૯૧ લોકોને પરત લવાયા છે. ઈરાનમાં કુલ ૧૬ હજારથી વધારે પોઝિટિવ કેસ છે, તેમા ૨૫૦ ભારતીયો છે. આ લોકની સારવાર માટે ભારત સરકારે ડોક્ટરોની ટીમ મોકલી છે.

## શ્રીલંકામાં બે સપ્તાહ ઈન્ટરનેશનલ ફલાઈટ રદ

શ્રીલંકાના રાષ્ટ્રપતિ ગોટાબાયા રાજપક્ષે બુધવારે સવારે એક આદેશ જાહેર કર્યો છે. તેમાં કહેવામાં આવ્યું છે કે, કોરોના વાઈરસના વધતા જોખમને ધ્યાનમાં રાખીને શ્રીલંકામાં આગામી બે સપ્તાહ સુધી કોઈ પણ ઈન્ટરનેશનલ ફલાઈટને લેન્ડ થવાની મંજૂરી આપવામાં આવશે નહીં.

## મુંબઈમાં લોકલ ટ્રેન બંધ કરવા વિચારણા

પ્રાપ્ત માહિતી મુજબ મુંબઈમાં લાઈફલાઈન સમાન ગણાતી ઉપનગરીય ટ્રેન સેવાને બંધ કરવામાં આવે તેવી હિલચાલ ચાલી રહી છે. આને ન માનનાર લોકોની સામે કાર્યવાહી કરવામાં આવનાર છે. દેશની સાથે સાથે મુંબઈ અને મહારાષ્ટ્રના જુદા જુદા ભાગોમાં વિવિધ પગલા લેવામાં આવી રહ્યા છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી પોતે સક્રિય દેખાઈ રહ્યા છે. તેઓએ મહારાષ્ટ્રમાં કોરોનાની અસરને ઘટાડી દેવા માટે મુખ્યપ્રધાન ઉદ્ધવ ઠાકરેની સાથે વાતચીત કરી છે. વિવિધ પગલા લેવા માટે સુચના પણ અલગ રીતે આપી છે.

# શેરબજાર કડડભુસ : સેંસેક્સમાં વધુ ૧૭૧૦ પોઈન્ટ સુધી ઘટાડો

**સેંસેક્સ ત્રણ વર્ષમાં પ્રથમ વખત ૨૯૦૦૦થી નીચે પહોંચી ગયો : કોરોના વાયરસને લઈને ભય તથા એજીઆર પર સુપ્રીમ કોર્ટના કડક વલણ બાદ શેરબજારમાં પ્રતિકુળ અસર : ઈન્ડસ બેંક શેરમાં ૨૪ ટકા સુધી ઘટાડો**

મુંબઈ,તા. ૧૮

શેરબજારમાં આજે પણ તીવ્ર વેચવાલી રહી હતી. શેરબજારમાં કોરોનાના હાહાકાર વચ્ચે શેરબજાર પત્તાના મહેલની જેમ ધરશાયી થઈ જતા કારોબારીઓ હચમચી ઉઠ્યા હતા. રોકાણકારોએ લાખો કરોડ રૂપિયા ગુમાવી દીધા હતા. દલાલ સ્ટ્રીટમાં અવિરત વેચવાલી જારી રહી હતી. ફાયનાન્સિયલ સેકટરમાં સૌથી વધારે ખરાબ હાલત રહી હતી. મુડીરોકાણકારોની ભાવનાને ભારે ફટકો પડી રહ્યો છે. આજે સેંસેક્સ ૧૭૧૦ પોઈન્ટ સુધી અથવા તો ૫.૬ ટકા ઘટીને ૨૮૮૬૮ની નીચે સપાટી રહ્યો હતો. શેરબજારમાં ત્રણ વર્ષના લાંબાગાળા બાદ આજે નીચે સપાટી જોવા મળી રહી છે. શેરબજારમાં આજે બુધવારના દિવસે પણ અંધાધુંધી રહેતા મોટાભાગના શેરોમાં મંદી રહી હતી. દેશભરમાં કોરોના



● અનુસંધાન પાન-૭ પર

**જરૂર પડશે તો અમે તમામ**

## ટેલિકોમ કંપનીઓના એમડીને જેલમાં મોકલી દઈશું: સુપ્રિમ



ન્યુ દિલ્હી,તા.૧૮

સુપ્રીમ કોર્ટે એડજસ્ટેડ ગ્રોસ રેવન્યુ મામલામાં કહ્યું છે કે ટેલિકોમ કંપનીઓની બાકીની રકમનું ફરીથી રિએસેસમેન્ટ કરવું તે કોર્ટની અવગણના ગણાશે. જરૂરિયાત પડી તો અમે તમામ ટેલિકોમ કંપનીઓના એમડીને કોર્ટમાં બોલાવીને જેલમાં મોકલી દઈશું. સરકાર એજીઆરને રીએસેસમેન્ટ કરવાની પરવાનગી આપી તો એ ડગો ગણાશે. જો કંપનીઓને સેલેફ એસેસમેન્ટની પરવાનગી આપીશું તો અમે પણ આ ફ્રોડમાં પાર્ટી બની જઈશું. આ કોર્ટની પ્રતિષ્ઠાનો સવાલ છે. કોર્ટે કહ્યું છે કે જ્યારે ટેલિકોમ ડિપાર્ટમેન્ટની ડિમાન્ડને માનવામાં આવી છે તો ફરીથી એસ્ટીમેશન કઈ રીતે કરી શકાય. કોર્ટે સોલિસિટર જનરલને પૂછ્યુ કે રીએસેસમેન્ટ અને આ મામલાને ફરીથી ખોલવાની પરવાનગી કોણે આપી ? જસ્ટિસ અરુણ મિશ્રાની બેન્ચે કહ્યું કે કોર્ટ તો રીએસમેન્ટની પરવાનગી આપી નથી તો શું અમે મૂર્ખ છીએ ? આ મામલામાં જે કઈ પણ થઈ રહ્યું છે તે ચોંકાવનારું છું. સમગ્ર દેશને ગેરમાર્ગે દોરવામાં આવી રહ્યો છે. ટેલિકોમ કંપનીઓને સેલ્ફ એસેસમેન્ટની પરવાનગી આપવામાં આવી તો ટેલિકોમ સેક્રેટરી અથવા તો ડેસ્ક ઓફિસરને સસ્પેન્ડ કરવામાં આવી શકે છે.

# મધ્યપ્રદેશમાં રાજકીય કટોકટી : ફ્લોર ટેસ્ટના મુદ્દે સુપ્રીમમાં જોરદાર દલીલો

**સુપ્રીમ કોર્ટમાં જોરદાર દલીલોનો દોર આગળ વધ્યો : આજે વધુ સુનાવણી થશે : ફ્લોર ટેસ્ટ ટાળવાના કલમનાથ સરકાર પ્રયાસ કરી રહી છે : શિવરાજના વકીલની દલીલ**

નવી દિલ્હી, તા. ૧૮

મધ્યપ્રદેશમાં જારી રાજકીય સંકટ પર આજે સુપ્રીમ કોર્ટમાં જોરદાર સુનાવણી થઈ હતી. આ સુનાવણી દરમિયાન પક્ષ અને વિપક્ષ તરફથી તર્કદાર દલીલો કરવામાં આવી હતી. કમલનાથ સરકાર તરફથી રજુ થયેલા વકીલે કહ્યું હતું કે, કોંગ્રેસના અસંતુષ્ટ ધારાસભ્યોને બાનમાં પકડીને રાખવામાં આવ્યા છે. જોકે અસંતુષ્ટ ધારાસભ્યોના વકીલે આ પ્રકારની દલીલોને ફગાવી દીધી હતી. સુપ્રીમ કોર્ટમાં મધ્યપ્રદેશમાં તરફ ફ્લોર ટેસ્ટ યોજવાની માંગ સાથે રાજ્યના પૂર્વ મુખ્યમંત્રી શિવરાજસિંહ ચૌહાણે અરજી કરી હતી. તેમની અરજી પર સુનાવણી દરમિયાન તમામ વકીલોએ જોરદાર દલીલો કરી હતી. એકબાજુ રાજ્ય કોંગ્રેસ તરફથી ઉપસ્થિત રહેલા દુશ્યંત દવેએ દલીલ કરતા કહ્યું હતું કે, ગવર્નરને ફ્લોર ટેસ્ટ માટેનો આદેશ આપવાનો અધિકાર નથી. બીજીબાજુ પૂર્વ મુખ્યમંત્રી શિવરાજસિંહ ચૌહાણ તરફથી ઉપસ્થિત રહેલા મુકુલ રોહતાગીએ રજુઆત કરતા કહ્યું હતું કે, ફ્લોર ટેસ્ટથી તમામ બાબતોને જાણી શકાશે.

● અનુસંધાન પાન-૭ પર


## રેલવેનું ખાનગીકરણ નહિ કરાય: સરકારની સ્પષ્ટતા

ન્યુ દિલ્હી,તા.૧૮

રેલવે પ્રધાન પીયૂષ ગોયલે રાજ્યસભામાં સ્પષ્ટતા કરી હતી કે ભારતીય રેલવે દેશની જનતાની છે અને તેના ખાનગીકરણની કોઈ યોજના નથી. તેમણે જણાવ્યું હતુ કે છેલ્લાં ૧૨ વર્ષ દરમિયાન ભારતીય રેલવેમાં રૂપિયા પચાસ લાખ કરોડનું રોકાણ કરાયું હતું. ગોયલે જણાવ્યું હતુ કે હું સ્પષ્ટતા કરવા માગું છું કે ભારતીય રેલવેના ખાનગીકરણની કોઈ યોજના નથી, પરંતુ ટ્રેનના મુસાફરોને વધુ સારી સુવિધા પૂરી પાડવા માટે રેલવેની કેટલીક સેવા ખાનગી કંપનીઓને સોંપાઈ છે. રેલવે પ્રધાને જણાવ્યું હતુ કે અમારી સરકાર રેલવેને વિશ્ર્વ કક્ષાની બનાવવા માગે છે. તેમણે અગાઉના રેલવે પ્રધાન અને તૃણમૂલ કોંગ્રેસનાં વડાં મમતા બેનરજી વખતની રેલવેની કામગીરીના આંકડા આપ્યા હતા, પરંતુ સ્પષ્ટતા કરી હતી કે હું રેલવેને અગાઉ થયેલા નુકસાનના મુદ્દાને રાજકીય સ્વરૂપ આપવા નથી માગતો.

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225

પરદેશ પાર્સલ
USA, UK, AUSTRALIA, SOUTH AFRICA, CANADA
CANADA & AUSTRALIA Special Rate
M: +91 99250 88777
મોટા મંદિર તથા હીચકાના કાર્ગો માટે ખાસ રૂબરૂ મુલાકાત લેશો
HEMANT PATEL (Director)
SPEEDAIR FREIGHT SOLUTIONS PVT. LTD
SPEEDAIR Freight Solutions
T : +91 79 40306349
Free Packing
GF: 4/5/6, Ashoka Chamber, Opp. HCG Hospital OPD Department,
Nr. HCG (Old Medisurge) Hospital, Mithakhali Six Road, Ellisbridge, A'bad.
E : info@speedairglobal.com W: www.speedairglobal.com



**બેસણું**

અમારા પૂજ્ય પિતાશ્રી
**લાભશંકર પુરૂષોતમ વ્યાસ (ઉ.વર્ષ ૯૫)**
તા.૧૭-૩-૨૦૨૦ને મંગળવારના રોજ કૈલાસવાસી થયેલ છે.
**સદ્ગતનુ બેસણું તા.૧૯-૦૩-૨૦૨૦ને ગુરૂવારના રોજ સાંજે ૫ થી ૭ કલાકે** તેમના નિવાસસ્થાને રાખેલ છે.
**બંગલા નં.૪, સર્વોદય નગર(ગુ.હા. બોર્ડ) સેક્ટર-૩૦, નમસ્તે સર્કલ પાસે, ગાંધીનગર**

સ્વ.નલિનીબેન લાભશંકર વ્યાસ (પત્ની)
હરેશ લાભશંકર વ્યાસ (પુત્ર) | પુર્ણિમા જયંતકુમાર જોષી (પુત્રી)
અનિલા હરેશ વ્યાસ (પુત્રવધુ) | અમિતા મનોજકુમાર યાજ્ઞિક (પુત્રી)
ભાલેન્દુ લાભશંકર વ્યાસ (પુત્ર) | સ્વ.કિર્તિદા લાભશંકર વ્યાસ (પુત્રી)
અલ્કા ભાલેન્દુ વ્યાસ (પુત્રવધુ) | તથા સમસ્ત વ્યાસ પરિવાર